# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-04-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

***************************************************

1) પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર પૂરજોશમાં, સત્તાધારી અને વિરોધી પક્ષ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર યથાવત્.

2) રાજ્યસભામાં પાર્ટીના બે તૃતિયાંશ સભ્યો સાથે ભાજપમાં જોડાવવા આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢાની જાહેરાત.

3) ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટેના પ્રચાર પડઘમ શાંત

4) ઈઝરાયેલે યુદ્ધવિરામ વચ્ચે આજે દક્ષિણ લેબનોનમાં હવાઈ હુમલાઓ કરી ઉગ્રવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા.

5) IPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# WB CAMPAIGN OVERALL

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, પશ્ચિમ બંગાળમાં પરિવર્તન આવશે તે નક્કી છે. દક્ષિણ 24 પરગણા જિલ્લાના બારુઈપુરમાં ચૂંટણી સભા સંબોધતા શ્રી મોદીએ કહ્યું, પહેલા તબક્કાના મતદાનનું વલણ અનેક જિલ્લામાં તૃણમુલ કૉંગ્રેસ માટે ઝટકાનો સંકેત છે. તેમણે કહ્યું, મતદારોને બીજા તબક્કામાં મોટી સંખ્યામાં મતદાન કરવા અને વિકસિત બંગાળના નિર્માણમાં મદદ કરવા અપીલ કરી.

પ્રધાનમંત્રીએ વર્તમાન સરકાર પર મહિલા વિરોધી હોવાનો આક્ષેપ લગાવતા મહિલાઓની સુરક્ષાને ચિંતાનો વિષય ગણાવ્યો. તો, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉત્તર 24 પરગણાના હિંગળ-ગંજમાં એક સભાને સંબોધતા તેમણે પહેલા તબક્કામાં 152 બેઠકમાંથી અંદાજે 110 બેઠક ભાજપને મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

બીજી તરફ, તૃણમૂલ કૉંગ્રેસનાં વડાં અને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ કેન્દ્ર સરકાર પર રાજ્યના બે લાખ કરોડ રૂપિયા રોકવાનો આક્ષેપ લગાવ્યો. હાવડામાં ચૂંટણી સભા સંબોધતાં સુશ્રી બેનરજીએ કહ્યું, તેમનાં નેતૃત્વમાં રાજ્ય સુરક્ષિત હાથમાં છે. તેમણે ભાજપ ગઈ ચૂંટણીની સરખામણીએ અડધાથી પણ ઓછી બેઠક મેળવશે તેમ પણ જણાવ્યું.

તો, તૃણમૂલ કૉંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજીએ હાવડાના જગત-વલ્લભપૂરની એક સભામાં ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા.

# REV AAP MPs RESIGN

આમ આદમી પાર્ટીના ત્રણ સાંસદ રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલે પાર્ટી છોડવાની જાહેરાત કરી છે. નવી દિલ્હીમાં શ્રી ચઢ્ઢાએ કહ્યું, તેઓ રાજ્યસભામાં આમ આદમી પાર્ટીના બે તૃતિયાંશ સભ્યો સાથે ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થશે.

શ્રી ચઢ્ઢાએ આક્ષેપ લગાવતા કહ્યું, ભ્રષ્ટાચારને નાબૂદ કરવાનો સંકલ્પ સાથે બનેલી આમ આદમી પાર્ટી ભ્રષ્ટ અને સમાધાનકારી લોકોના હાથમાં ફસાઈ ગઈ છે. તેમણે કહ્યું, રાજ્યસભામાં આમ આદમી પાર્ટીના 10 સાંસદ છે, જેમાંથી બે તૃતિયાંશથી વધુ ભાજપમાં સામેલ થવાના નિર્ણયની સાથે છે. તેમણે કહ્યું, આ તમામ સાંસદોએ સંબંધિત દસ્તાવેજ રાજ્યસભાના સભાપતિને સોંપી દીધા છે.

(BYTE : RAGHAV CHADHA)

# GUJ-LOCAL BODY POLLS

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટેના પ્રચાર પડઘમ આજે શાંત થયા. રાજ્ય ચૂંટણી પંચના નિર્દેશોને અનુસરીને મતદાનના 48 કલાક પહેલા આજે સાંજે પાંચ વાગ્યા પછી રેલીઓ, સરઘસ અને લાઉડસ્પીકરનો ઉપયોગ સહિત તમામ પ્રકારના જાહેર પ્રચાર પર પ્રતિબંધ મુકાયો હતો.

પ્રચારના અંતિમ દિવસે, રાજકીય પક્ષોના નેતાઓ અને ઉમેદવારોએ મતદારો સુધી પહોંચવાના પ્રયાસ કર્યો. ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં શ્રેણીબદ્ધ રોડ શૉ યોજ્યા. જ્યારે સુરતમાં, આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા અને પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાના નેતૃત્વમાં ભવ્ય રોડ શૉ યોજ્યો. તો, કૉંગ્રેસના નેતાઓએ અમદાવાદમાં બાઇક રેલી યોજી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં આ રવિવારે 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયત માટે સામાન્ય ચૂંટણી અને 11 અન્ય નગરપાલિકાઓમાં ખાલી બેઠકો માટે પેટાચૂંટણી યોજાશે. જ્યારે 28 તારીખે મતગણતરી કરાશે. રાજ્ય વહીવટીતંત્રે તમામ મતવિસ્તારોમાં મુક્ત અને ન્યાયી મતદાન પ્રક્રિયા સુનિશ્ચિત કરવા તમામ જરૂરી વ્યવસ્થાઓને આખરી ઓપ આપ્યો છે.

# GOVT WEST ASIA BRIEFING

સરકારે જણાવ્યું, દેશભરમાં ઘરેલુ LPGનો પૂરવઠો અવિરત્ યથાવત્ છે અને કોઈ પણ વિતરકો પાસે પૂરવઠાની અછતના કોઈ અહેવાલ નથી. નવી દિલ્હીમાં આંતર-મંત્રાલય પરિષદને સંબોધતાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું, વાણિજ્યિક LPG પૂરવઠો 70 ટકાથી વધુ પુનઃસ્થાપિત કરાયો છે અને આ મહિને અત્યાર સુધી એક લાખ 47 હજારથી વધુ LPG બાટલાનું વેચાણ થયું છે.

(BYTE: SUJATA SHARMA)

બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલયના નિદેશક મંદીપસિંહ રંધાવાએ કહ્યું, અખાતી ક્ષેત્રમાં ભારતીય નાવિક સલામત છે અને ગત 24 કલાકમાં ભારતીય ધ્વજવાલા કોઈ પણ જહાજ સાથે જોડાયેલી કોઈ ઘટના નોંધાઈ નથી.

જ્યારે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, મંત્રાલય પશ્ચિમ એશિયા સંઘર્ષ સાથે સંબંધિત તમામ ઘટનાક્રમ પર ઝીણવટપૂર્વક નજર રાખી રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# UP AGRICULTURE CONFERENCE

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે લખનઉમાં ઉત્તર ક્ષેત્ર કૃષિ સંમેલનના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કર્યું. આ પ્રસંગે શ્રી ચૌહાણે તમામ રાજ્ય સાથે મળીને કામ કરવા કૃષિ મંત્રાલયની તત્પરતા દર્શાવી. તેમણે કહ્યું, ખેતી માટે સામૂહિક રીતે રાજ્યવાર વ્યૂહરચના તૈયાર કરાશે અને આ સંમેલન આવી પ્રક્રિયામાં મહત્વની ભૂમિકા ભજવશે.

શ્રી ચૌહાણે કહ્યું, પ્રયોગશાળાઓ અને ખેતરો વચ્ચેના અંતરને ઘટાડવા વિકસિત ભારત કૃષિ અભિયાન શરૂ કરાયું હતું. તેના દ્વારા સરકાર 60 હજારથી વધુ ગામ સુધી પહોંચી છે અને આધુનિક સંશોધન, નવી ટૅક્નોલૉજી તથા વ્યાવહારિક સમાધાન ખેડૂતો સુધી પહોંચાડી રહી છે.

ઉલ્લેખનીય છે કે, આ સંમેલનમાં વિવિધ વિષયના સત્રો દરમિયાન કિસાન ક્રેડિટ કાર્ડ, કૃષિ માળખાગત ભંડોળ, બાગકામની અપાર સંભાવના, કઠોળ સ્વ-નિર્ભરતા મિશન, રાષ્ટ્રીય ખાદ્યતેલ-કઠોળ મિશન અને ડિજિટલ કૃષિ મિશન અંતર્ગત કિસાન રજિસ્ટ્રી જેવા મુખ્ય વિષયોની ઉંડાણપૂર્વક સમીક્ષા અને ચર્ચા કરાશે.

# ISRAEL LEBNAN ATTACK

ઈઝરાયેલે યુદ્ધવિરામ વચ્ચે આજે દક્ષિણ લેબનોનમાં હવાઈ હુમલાઓ કરી ઉગ્રવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા. ઈઝરાયેલની વાયુસેનાએ જણાવ્યું, આ હુમલો ખિરબત સલામ અને તુલિનમાં એવી જગ્યાએ કરાયો, જેનો ઉપયોગ હિઝબુલ્લાહ, ઈઝરાયેલની સેના પર હુમલાના આયોજન માટે કરી રહ્યું હતું.

આ પહેલા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ઈઝરાયેલ અને લેબનોન ત્રણ અઠવાડિયા માટે યુદ્ધવિરામ વધારવા પર સંમત છે. શ્રી ટ્રમ્પે કહ્યું, અમેરિકા હિઝબુલ્લાહનો સામનો કરવા અને યુદ્ધવિરામના સમર્થન માટે લેબનોન સાથે કામ કરશે.

# NIRMALA SITHARAMAN

નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, બૅન્કિંગ ક્ષેત્રમાં આર્થિક વિકાસ માટે વૈશ્વિક વિસ્તરણ સ્થાનિક આવશ્યકતાઓને અનુકૂળ હોવું જોઈએ. મહારાષ્ટ્રના પુણેમાં ભારતીય સ્ટૅટ બૅન્ક – S.B.I.ના મહારાષ્ટ્ર ક્ષેત્રના પ્રાદેશિક મુખ્ય કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે સુશ્રી સીતારમણે કહ્યું, સંસ્થાઓના આકારમાં વૃદ્ધિ છતાં ગ્રાહકોની સાથે ઘનિષ્ઠ સંબંધ જાળવી રાખવો જરૂરી છે. નાણામંત્રીએ કહ્યું, ડિજિટલ બૅન્કિંગ અને કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. આ ક્ષેત્રમાં પરિવર્તન લાવી રહ્યા છે, પરંતુ આ સાથે જ ગ્રાહકોની સાથે સીધા સંપર્ક અને તેમની ભાવનાઓ સમજવી પણ જરૂરી છે.

# IPL TODAY MATCH

ઇન્ડિયન પ્રીમિયર લીગ – I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. બેંગ્લુરુમાં એમ. ચિન્નાસ્વામી સ્ટૅડિયમમાં રમાતી મેચમાં રજત પાટીદારની આગેવાની હેઠળની બેંગ્લુરુની ટીમે / ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, શુબમન ગિલની આગેવાની હેઠળની ગુજરાતની ટીમે 5.3 ઑવરમાં વિના  વિકેટ ગુમાવી 51 રન કર્યા છે.

IPLના પૉઈન્ટ ટેબલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ ત્રીજા અને ગુજરાત ટાઈટન્સની ટીમ સાત-મા ક્રમાંક પર છે.

# CENSUS 2027 TOLL FREE HELPLINE NUMBER

ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસતિ ગણતરી કમિશનર કાર્યાલયે જણાવ્યું, વસતિ ગણતરી 2027 માટે રાષ્ટ્રીય ટૉલ ફ્રી હેલ્પલાઈન નંબર 1855 તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થઈ ગયો છે. આ હેલ્પલાઈન પ્રાદેશિક ભાષાઓ અને અંગ્રેજીમાં મકાનની યાદી અને આવાસની ગણતરી સંબંધિત માર્ગદર્શન આપે છે.

# PANCHAYATI RAJ DAY

સમગ્ર દેશમાં આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી થઈ રહી છે. આ દિવસ સ્થાનિક સ્વરાજ્યના ઔપચારિક માળખા તરીકે પંચાયતીરાજ પ્રણાલિની સ્થાપનાની યાદમાં ઉજવાય છે. તે વર્ષ 1992ના 73-મા બંધારણીય સુધારા અધિનિયમના અમલીકરણને ચિહ્નિત કરે છે, જે વર્ષ 1993માં અમલમાં આવ્યો હતો.

ઉપ-રાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને તમામ નાગરિકો, ખાસ કરીને પંચાયતીરાજ સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પદાધિકારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

નવી દિલ્હીમાં પંચાયતીરાજ મંત્રાલય દ્વારા આ દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલા રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના એક સંદેશને વાંચવામાં આવ્યો. દેશના પંચાયતીરાજ સંસ્થાઓ અને ગ્રામ્ય સ્થાનિક સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓમાં આ સંદેશનો પ્રચાર કરાશે.

કેન્દ્રીય પંચાયતીરાજ રાજ્યમંત્રી એસ. પી. સિંહ બઘેલે પંચાયતીરાજ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા કહ્યું, ગામડાઓ, ખેડૂતો, પંચાયતો અને વ્યાપક ગ્રામીણ પરિદ્રશ્યના સર્વાંગી વિકાસ વગર વિકસિત ભારતની પરિકલ્પના સાકાર ન થઈ શકે.